ગાંધીનગર ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી

પ્રજાસત્તાક પર્વ નિમિત્તે મહેસુલ મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલે ત્રિરંગો લહેરાવી સલામી આપી

ગાંધીનગર

દેશના ૭૨માં પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા કક્ષાની ઉજવણી ગાંધીનગર ખાતે કરવામાં આવી હતી. મહેસૂલ મંત્રી અને ગાંધીનગર જિલ્લા પ્રભારી શ્રી કૌશિકભાઇ પટેલના વરદહસ્તે ત્રિરંગો લહેરાવીને રાષ્ટ્રને સલામી આપવામાં આવી હતી. પ્રજાસત્તાક દિનની આ મંગળ પ્રભાતે રાષ્ટ્રની આઝાદી માટે જાન ન્યોછાવર કરનારા તમામ સ્વાતંત્ર્ય વીરોને શ્રધ્ધા સુમન અર્પણ કર્યા હતા. સર્વે નાગરિકોને પ્રજાસત્તાક પર્વની અંતઃપૂર્વકની શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે મહેસુલ મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલે કોરોના સામેના દેશ વ્યાપી જનજાગૃત્તિ અભિયાનમાં આપણે સૌ જોડાઈને આ અભિયાનને જન જન સુધી પહોંચાડીને સફળ બનાવીએ તેવી હાંકલ કરી હતી. તેમણે સર્વે નાગરિકોને માસ્ક પહેરવા, સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવા અને હાથ સાબુથી વારંવાર ધોવા માટે નમ્ર અપીલ પણ કરી હતી.

તેમણે ઉમેર્યું હતું કે, કોરોનાના કપરાં સમયમાં દેશના સર્વે લોકોએ એક બનીને મક્કમ રીતે મુકાબલો કર્યો છે. ગુજરાતમાં કોરોનાના દર્દીઓ ઝડપથી સાજા થઈ પોતાના ઘરે જઈ રહ્યા છે. મૃત્યુ દરનું પ્રમાણ પણ ઘટતું જાય છે. ગુજરાતનો રીકવરી રેટ ૯૬ ટકાએ પહોચ્યો છે. ભારતીય વૈજ્ઞાનિકો દ્વારા ભારતમાં બનેલ બે રસી દ્વારા રસીકરણ થકી કોવિડ-૧૯ ને નેસ્તનાબૂદ કરવાની સૌથી મોટી કવાયતનો પ્રારંભ થયો છે.

આ પ્રસંગે મંત્રીશ્રીએ ખુલ્લી જીપમાં પરેડનું નિરીક્ષણ અને સલામી કુચ કરી હતી. તેમજ ડોર્ગ શો, માઉન્ટેડ યુનિટ (હોર્સ શો) અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા. તેમજ જિલ્લામાં જુદા-જુદા ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરનાર વ્યક્તિ - સંસ્થાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર (દ) ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, જિલ્લા કલેટકર શ્રી ડા. કુલદીપ આર્ય, ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનર શ્રી ડા. રતનકંવર ગઢવી ચારણ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાન, જિલ્લા પોલીસ વડા શ્રી મયૂર ચાવડા, વરિષ્ઠ અધિકારીઓ, પદાધિકારીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યાં હતા.

ધોરણ ૯ અને ૧૧ તથા ટ્યુશન ક્લાસીસ શરૂ કરવા લીલીઝંડી

પ્રથમ ફેબ્રુઆરીથી ધો-૯ અને ધો ૧૧નું શિક્ષણ કાર્ય શરૂ થશે : ઉચ્ચ શિક્ષણનું કાર્ય પણ હવે પછી તારીખ જાહેર કરાયા બાદ ચાલુ કરવામાં આવશે

ગાંધીનગર,તા.૨૭

આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠક મળી હતી. આ કેબિનેટ બેઠકમાં અનેક મહત્વની બાબતો પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં અન્ય ધોરણની શાળા શરૂ કરવા અને ટ્યુશન ક્લાસીસ શરૂ કરવા અંગે મહત્વના નિર્ણયો પણ લેવામાં આવ્યા છે. આ અંગે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જાહેરાત કરી કે, ૧ ફેબ્રુઆરીથી ધોરણ ૯ અને ધોરણ ૧૧ નું શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવશે. તેમજ ટ્યુશન ક્લાસીસ પણ ૧ ફેબ્રુઆરીથી ચાલુ કરી શકાશે. ટ્યુશન ક્લાસીસમાં માત્ર ૯ થી ૧૨ ધોરણ સુધીના જ શરૂ કરવામાં આવશે.

રાજ્યમાં ૧૦ મહિના બાદ ધોરણ ૯ અને ૧૧ના વર્ગો શરૂ થવાના છે. ચાલુ મહિને જ ધોરણ ૧૦ અને ૧૨ નું શિક્ષણ કાર્ય શરૂ કરાયું હતું. ત્યારે આજની કેબિનેટ બેઠકમાં ધોરણ ૯ અને ૧૧ તથા ટ્યુશન ક્લાસીસ શરૂ કરવા અંગે નિર્ણય લેવાયો છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ આ વિશે કહ્યું કે, ચાલુ મહિનામાં ધોરણ ૧૦ અને ૧૨ શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં શરૂઆતથી જ બાળકોની હાજરી જોવા મળી છે. વાલીઓએ પણ સંમતિ પત્રક મોટા પ્રમાણમાં આપ્યા છે. દિવસેને દિવસે વિદ્યાર્થીઓની હાજરીમાં પણ વધારો થઈ રહ્યો છે. ત્યારે આજે મળેલી કેબિનેટ બેઠક માં નિર્ણય લેવામાં આવ્યો છે ૧ ફેબ્રુઆરીથી ધોરણ ૯ અને ૧૧ ના વર્ગો શરૂ કરશે. જેમાં શાળાઓએ સરકારની તમામ ગાઈડલાઈનનું પાલન કરવું ફરજિયાત રહેશે. અગાઉની જીઁ અને સૂચનોનું ચુસ્તપણે પાલન કરવું પડશે.

તો સાથે જ ગુજરાતમાં ટ્યુશન ક્લાસિસ શરૂ કરવા પણ ગુજરાત સરકારે પરવાનગી આપી છે. આ અંગે ટ્યુશન ક્લાસના સંચાલકો દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવી હતી. કોરોનાકાળથી તેમની રોજીરોટી છીનવાઈ ગઈ હતી. ત્યારે આજે રાજ્ય સરકારે ૧ ફેબ્રુઆરીથી રાજ્યમાં ટ્યુશન ક્લાસીસ શરૂ કરવાની મંજૂરી આપી છે. ક્લાસીસ સંચાલકોની રજૂઆત બાદ રાજ્ય સરકારે કેબિનેટ બેઠકમાં ચર્ચા કરી નિર્ણય લીધો છે. શિક્ષણમંત્રીએ કહ્યું કે, ૧ ફેબ્રુઆરીથી ગુજરાતમાં ધોરણ ૯ થી ૧૨ના ટ્યુશન ક્લાસીસને મંજૂરી આપવામાં આવી છે. જોકે, ટ્યુશન સંચાલકોએ તમામ ગાઈડલાઈનનું પાલન કરવુ જરૂરી બની રહેશે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી માટે સેન્સ લેવાઈ

ભાજપે આજે રજુઆતો સાંભળી : કોંગ્રેસ કહે છે અમારી પ્રાથમિક કવાયત સંપન્ન થઈ ગઈ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા પંચાયત અને ત્રણ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે સંભવિત ઉમેદવારોની રજુઆતો આજે ભાજપના નેતાઓએ સાંભળી હતી.

કોંગ્રેસ પક્ષ દ્વારા આ અંગેની કામગીરી આટોપી લેવામાં આવી હોવાનું પક્ષના સૂત્રોએ જણાવતાં કહ્યું છે કે જિલ્લાકક્ષાના ઉમેદવારોની પસંદગી જિલ્લા સમિતિ દ્વારા કરવામાં આવશે જ્યારે તાલુકાના ઉમેદવારોની પસંદગી તાલુકા સમિતિ દ્વારા કરવામાં આવશે.

ભાજપમાં આજે ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકાના જિલ્લા પંચાયતના ઉમેદવારોના દાવેદારોને સાંભળવામાં આવ્યા હતા.

બન્ને રાજકીય પક્ષોના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ હવે પછી સંકલન સમિતિમાં આ અંગે ચર્ચાઓ કરવામાં આવશે. જેમાં સિંગલ નામ હશે તેમને તૈયારીના સંકેત આપવામાં આવશે જ્યારે જે બેઠક પર બે થી વધુ દાવેદારો હશે ત્યાં પેનલ બનાવી પ્રદેશ સમિતિને મોકલવામાં આવશે.

બન્ને રાજકીય પક્ષોના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે યુવાનોને પસંદગીમાં અગ્રતા અપાશે આ ઉપરાંત પક્ષને વફાદાર રહેલા આગેવાનોને પણ અગ્રતા અપાશે. બન્ને પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગીના માપદંડમાં થોડીક થોડીક ભિન્નતા જરૂર છે પરંતુ યુવાઓને તક આપવાના મુદ્દે સમાનતા જોવા મળી રહી છે.

ઉમેદવારોની પસંદગી ૫ મી ફેબ્રુઆરી સુધીમાં પૂર્ણ કરી દેવામાં

● અનુસંધાન પાન-૧૧ પર

શહેરમાં ઠંડીનું મોજુ યથાવત : પારો ૯ ડિગ્રી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં સતત ચોથા દિવસે ઠંડીનું મોજુ યથાવત રહ્યુ હતુ. લઘુત્તમ તાપમાન બે આંકડાની નીચે રહેતા વસાહતીઓ ઠંડીમાં રીતસર ઠુંઠવાયા હતા. ઠંડા પવનોએ જનજીવનને જાણે અસ્તવ્યસ્ત કરી દીધુ હતુ. લઘુત્તમ ગઈકાલે રાત્રે ૯ ડિ.સે. જેટલુ ગગડી ગયુ હતુ. આકરી ઠંડીએ આખા શહેરને છેલ્લા ચાર દિવસથી જાણે બાનમાં લીધુ છે. ઠંડીની સાથે જ ફુંકાતા સુસવાટાભર્યા પવનોએ વસાહતીઓને રીતસર ધ્રુજાવી દીધા છે. જાન્યુઆરી માસના છેલ્લા દિવસોમાં સમગ્ર ઉત્તર ગુજરાતમાં આકરી ઠંડી પડી રહી છે. ઘરમાં જ પુરાઈ રહેવુ પડે તેવી આકરી ઠંડી હાલમાં પડી રહી છે. વહેલી સવારે તો ઠંડીની સાથે જ ખુબ પવન ફૂંકાય છે. આ પવનો ઠંડીને વધુ કાતિલ બનાવી રહ્યા છે. ઘરની બહાર નીકળો ત્યારે બે થી ત્રણ ગરમ વસ્ત્રો પહેરવા પડે છે. ઉત્તર ભારત હાલમાં કાતિલ ઠંડીની ગીરફમાં છે. જમ્મુ-કાશ્મીર અને હિમાચલપ્રદેશમાં ઠેર ઠેર બરફ છવાયેલો જોવા મળી રહ્યો છે. હીમવર્ષા પણ દરરોજ થઈ રહી છે. સેંકડો વાહનો હાઈવે પર ફસાયા છે.

વિધાનસભાનું અંદાજપત્ર સત્ર ૧લી માર્ચથી આરંભાશે

પ્રથમ દિવસે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ગૃહને સંબોધિત કરશે

ગાંધીનગર,તા.૨૭

૧ ફેબ્રુઆરીએ કેન્દ્ર સરકારનું બજેટ રજૂ થવાનું છે. તો ગુજરાત સરકાર દ્વારા પણ બજેટની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગુજરાત વિધાનસભા બજેટ સત્રને લઈને આખરી તૈયારીઓ ચાલી રહી છે. ૧ માર્ચે વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થશે. ઓછામાં ઓછા ૨૪ દિવસ સુધી આ બજેટ સત્ર ચાલશે.

આગામી ૧ માર્ચથી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થશે. આ બજેટ સત્ર ૨૪ દિવસ સુધી ચાલી શકે છે. પ્રથમ દિવસે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ગૃહને સંબોધિત કરશે. રાજ્યપાલના સંબોધન બાદ રાજ્યના પૂર્વ બે મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી અને કેશુભાઈ પટેલને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. મહત્વનું છે કે થોડા દિવસ પહેલા જ ગુજરાતના આ પૂર્વ મુખ્યમંત્રીઓના નિધન થયા છે.

રાજ્યપાલના સંબોધન બાદ આભાર પ્રસ્તાવ પર ત્રણ દિવસ ચર્ચા કરવામાં આવશે. તો અંદાજ પત્રની સામાન્ય ચર્ચા માટે પાંચ દિવસનો સમય ફાળવવામાં આવશે. અંદાજપત્રની માગણીઓ પર ૧૨ દિવસ ચર્ચા થવાની છે. વિધાનસભાના બજેટ સત્રમાં રાજ્ય સરકાર લવ જેહાદ સુધારા સહિતના વિધેયકો રજૂ કરશે. તો બજેટ સત્રમાં કેગનો ઓડિટ અહેવાલ પણ રજૂ કરવામાં આવશે.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઇડર
ખેડૂત મત વિભાગની ચુંટણી બાબતે નમ્ર વિનંતી.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઇડરની ચુંટણી તા. ૩૦/૦૧/૨૦૨૧ના રોજ યોજાનાર છે. સદર ચુંટણીમાં ખેડૂત-મત-વિભાગમાંથી અમોએ ઉમેદવારી નોંધાવેલ પરંતુ સામાજીક, સહકારી, રાજકીય આગેવાનોની લાગણીને માન આપી સાથ અને સહકારની ભાવના સાથે અમો નીચે મુજબના ઉમેદવારો એકતા વિકાસ પેનલ ના સમર્થનમાં સ્વૈચ્છીક રીતે સંપૂર્ણ ટેકો જાહેર કરીએ છીએ જેની મતદારભાઇઓએ નોંધ લેવા વિનંતી.

અ.નં.	ટેકો જાહેર કરનારનું નામ	ગામ
૧	પટેલ વિઠ્ઠલભાઇ છગનભાઇ	ભુવેલ (તા. ઇડર)
૨	પટેલ કેતનભાઇ નારાયણદાસ	અરોડા (તા. ઇડર)
૩	પટેલ રાજેશભાઇ અમરતભાઇ	રતનપુર (તા. ઇડર)
૪	પટેલ હેમંતકુમાર નચ્છાભાઇ	જાદર (તા. ઇડર)
૫	પટેલ દિપકભાઇ ધીરાભાઇ	દેત્રોલી (તા. ઇડર)
૬	પટેલ નરેશકુમાર લીલાચંદભાઇ	સુદ્રાસણા (તા. ઇડર)
૭	પટેલ જયોતેન્દ્રભાઇ રણછોડભાઇ	સાબલવાડ (તા. ઇડર)

એપીએમસી ના ૨૫ વર્ષથી ચેરમેન ડિરેકટર પી. સી. પટેલ, ભાજપ પ્રમુખ ઇડર પ્રેમલભાઇ દેસાઇ, મહામંત્રી-રાજુભાઇ, દિપકભાઇ-મંત્રી ભાજપ, જયંતીભાઇ કે. પટેલ-ઉપપ્રમુખ ભાજપ, કાંતિભાઇ પી. પટેલ પૂર્વ પ્રમુખ ઇડર કનુભાઇ આર. પટેલ ડિરેકટર સાબર ડેરી ઉમેદવારી નોંધાવેલ પરંતુ સંસ્થાના હિત માટે ઉમેદવારી પત્ર પાછુ ખેંચી સમગ્ર ખેડૂત વિભાગના ૧૦ ડિરેકટરો બિનહરીફ થાય તે માટે સિંહ ફાળો આપેલ છે. તમામ સમાજના આગેવાનો દ્વારા મહત્વનું યોગદાન આપવામાં આવ્યુ હતું.

આંજણા ચૌધરી સમાજ
જીતુભાઇ દેસાઇ - પ્રમુખ
દિનેશભાઇ પટેલ - મંત્રી
ધીરૂભાઇ પટેલ - ડિરે. જીલ્લા સંઘ
ફલજીભાઇ પટેલ
બિપીનભાઇ પટેલ - કાનપુર

૪૨ પાટીદાર સમાજ
ભાનુભાઇ પટેલ - આચાર્ય ઉમેદગઢ
નીરંજનભાઇ પટેલ - ઉદ્યોગપતિ
દિલીપભાઇ પટેલ - અરોડા

દેહગોળ સમાજ
ધુળાભાઇ પટેલ - પ્રમુખ
મુકેશભાઇ પટેલ - મંત્રી
ભીખાભાઇ પટેલ - મહામંત્રી
નાથાભાઇ પટેલ - નવા
મનોજભાઇ પટેલ - સૂર્યનગર
સતીષભાઇ પટેલ - મંત્રી ભાજપ

૨૭ સમાજ
કચરાભાઇ પટેલ
જયેશભાઇ પટેલ - પ્રમુખ
જયંતીભાઇ પટેલ - મંત્રી
પ્રકાશભાઇ પટેલ - ચેરમેન જીન

૧૨ ગોળ કડવા પાટીદાર સમાજ
જયંતિભાઇ પટેલ - શેરપુર ઉપપ્રમુખ
મુકેશભાઇ પટેલ - શેરપુર સરપંચ
કે.સી.પટેલ - પ્રમુખ ભુવેલ

ક્ષત્રિય સમાજ
રાજેન્દ્રસિંહ ચંપાવત - પૂર્વ સરપંચ - વિરપુર
પેમેન્દ્રસિંહ ચૌહાણ - બોલુન્દ્રા(સોનગરા)
અમરસિંહ શિવસિંહ ચાવડા - દેશોતર

લેઉવા પાટીદાર સમાજ
અશ્વિનભાઇ પટેલ
મોહનભાઇ પટેલ
દિલીપભાઇ પટેલ
વિનુભાઇ પી. પટેલ - મણીયોર

ઉપરોકત તમામ સમાજના આગેવાનોએ મહત્વનો ફાળો આપેલ છે.

શહેરમાં કોરોનાના ૯ કેસ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં સતત ચોથા દિવસે કોરોનાના નવ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર શહેરમાં પાંચ અને ગ્રામ્ય વિસ્તારમાં ૪ કેસ નોંધાયા છે.

જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ ચાલુ રહ્યો છે પણ ગાંધીનગર શહેર અને ગાંધીનગર તાલુકામાંથી કેસો હજુ મળી રહ્યા છે. અન્ય તાલુકામાંથી છુટાછવાયા કેસો મળી રહ્યા હોવાથી તંત્રએ રાહતની લાગણી અનુભવી છે.

ગાંધીનગર તાલુકાના સોનીપુર ગામેથી બે ઉપરાંત પેથાપુર અને સરગાસણ ગામેથી એક એક કેસ મળી આવેલ છે. ચારેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ગાંધીનગર શહેરમાં સે. ૨માં અને સે.૯માં બે-બે કેસ : સે. ૧માં ૧ કેસ, તાલુકાના સોનીપુરમાં ૨ કેસ સહિત ૪ કેસ નોંધાયા

ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૩૯૬૯ લોકો કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૪૧ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૩૦૮૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં પણ કોરોનાના આજે વધુ પાંચ કેસ મળી આવ્યા છે. સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી હજુ પણ કેસ મળી આવતાં તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલ પાંચ કેસમાં બે મહિલા, ઉપરાંત બે વિદ્યાર્થી તેમજ નાયબ સેક્શન અધિકારી સંક્રમિત થયા છે. આજે નોંધાયેલા પાંચ કેસમાંથી એક મહિલા દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

આજે નોંધાયેલા કેસોમાં બે કેસ સે. ૯ અને બે કેસ સે. ૨ માંથી અને એક કેસ સે. ૧ માંથી મળી આવેલ છે.

શહેરમાં કોરોનાની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો તેમજ રિકવરી રેટ ૯૮ ટકા ઉપર હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરના અગ્રણી બિલ્ડર હસમુખભાઈ પટેલનું નિધન

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર સ્થાપનાકાળથી શહેરની બાંધકામ પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ અગ્રણી બિલ્ડર હસમુખભાઈ ખોડીદાસભાઈ પટેલ (હરીગૃપવાળા)નું સોમવારે મોડી સાંજે હૃદયરોગના હુમલાથી અવસાન થતાં ઘેરા શોકની લાગણી પ્રગટી હતી. હસમુખભાઈ પટેલ

શહેરની વિવિધ સામાજીક અને ધાર્મિક પ્રવૃત્તિઓ સાથે પણ ઓતપ્રોત હતાં. સ્વભાવે સરળ અને કર્તવ્યનિષ્ઠ વ્યક્તિત્વ ધરાવતાં હસમુખભાઈ બાંધકામક્ષેત્રે તો નામના ધરાવતા જ હતાં પરંતુ શહેરની સામાજીક સંસ્થાઓમાં પણ તેમનું યોગદાન નોંધપાત્ર હતુ. ગાંધીનગર નજીક કડી પાસેના કુંડાલ ગામના વતની હસમુખભાઈએ ગાંધીનગરની અનેક રહેણાંક સ્કીમોનું નિર્માણ કર્યું છે.

ગાંધીનગરમાં ભારતીય જનસંઘમાં વર્ષો સુધી કોષાધ્યક્ષનું સ્થાન શોભાવનાર હસમુખભાઈ કડવા પાટીદાર સમાજ, ભારત વિકાસ પરિષદ, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, વિશ્વ હિન્દુ પરિષદ, ગાંધીનગર બિલ્ડર એસોસીએશન જેવી મહત્વની સંસ્થાઓમાં એમની હંમેશા અગ્રીમ ભુમિકા રહી હતી. મીતભાષી હસમુખભાઈ સકારાત્મક અભિગમ સાથે સમાજના વિકાસમાં સતત કાર્યરત રહેતા હતા. સદગતની અંતિમયાત્રામાં બિલ્ડરો, સામાજીક આગેવાનો અને જ્ઞાતિજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. શહેરના યુવા બિલ્ડર અને હરીગૃપના મેનેજીંગ ડિરેક્ટર નિસર્ગ પટેલના તેઓ પિતાશ્રી થાય. સદગતનું બેસણું ૨૯ જાન્યુઆરીને શુકવારે ઉમિયા સંસ્થાન હોલમાં સવારે ૮ થી ૧૧ અને સાંજે કુંડાલ ગામે ૩.૩૦ થી ૬.૩૦ રાખેલ છે.

અગીયારમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



તમારી સ્મૃતિનું નજરાણું હંમેશા યાદ રહેશે, તમારા હાસ્યનું સુમન હૃદયમાં સદૈવ ખીલતું રહેશે, સદાય રહેશે ખોટ તમારી જીવનમાં હરપળ, ઇશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

સ્વ. નવિનચંદ્ર મુલચંદ ધ્રુવ
જન્મ તા.૨૬-૧૧-૧૯૨૮ સ્વર્ગવાસ તા.૨૭-૦૧-૨૦૧૦

લિ. સ્વ.ભાવનાબેન નવીનચંદ્ર ધ્રુવ
જયેશ, સંજય, દિલીપ (પુત્રો)
હિના, રશ્મી, ભાવના (પુત્રવધૂઓ)
રોનક (પૌત્ર) - પૂજા (પૌત્રવધૂ), રોહન (પૌત્ર)
કિંજલ, ખ્યાતિ, ગ્રીષ્મા, દિયા (પૌત્રી)

મનપાના કાઉન્સીલર ધીરૂભાઈ ડોડિયાનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૩ ના કાઉન્સીલર ધીરૂભાઈ ડોડિયાનું ગઈકાલે દુઃખદ અવસાન થયુ છે.

કોરોનાની સારવાર માટે ધીરૂભાઈને યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેમનો રિપોર્ટ નેગેટીવ આવ્યો હતો. તેઓ શ્વાસની તકલીફ તેમજ ડાયાબીટીસની સારવાર માટે હોસ્પિટલમાં સારવાર માટે દાખલ હતા. તેમના અવસાનના સમાચાર સે. ૨૪ માં અને નગરમાં પ્રસરતાં જ ભાજપ સહિત રાજકીય કાર્યકરો-આગેવાનોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

● અનુસંધાન પાન-૧૧ પર

FIGHT CORONA
M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ બંગલો ઓફીસ બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧ ● ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com